**વર્ષ ૨૦૧૯-૨૦**
**ચાલુ બાબત**

**રાજ્યમાં દર બે વર્ષે ગ્લોબલ એગ્રી સમિટ કમ એક્ઝીબીશન યોજવા અંગે**

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: **બગત/૧૦૧૮/૨૪૪૭/ક.૮**
સચિવાલય, ગાંધીનગર
**તા.૦૩/૦૪/૨૦૧૯**

વંચાણે લીધા:-

1. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક : બગત/૧૦૧૭/૧૯૮૧/ક.૮ તા.૦૩/૦૪/૨૦૧૮
2. ખેતી નિયામકશ્રી નો પત્ર ક્રમાંક: વિ.તા.મુ./ટે-૧/(૨૩)/૮૪૨૫-૨૬/૨૦૧૮ તા. ૫/૧૧/૨૦૧૮
3. ખેતી નિયામકશ્રી નો પત્ર ક્રમાંક: વિ.તા.મુ./ટે-૧/(૨૩)/૨૦૦૩-૦૪/૨૦૧૯ તા. ૧૧/૦૩/૨૦૧૮

**આમુખ:-**

કૃષિ વિકાસ માટે વહીવટી અને પૂર્વ જરૂરી સવલતો એ.જી.આર.-૧ ની યોજનામાં રાજ્યના ખેડૂતોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની કૃષિ ક્ષેત્રે થયેલ શોધો અને નવીન કૃષિ મશીનરીનું માર્ગદર્શન મળી રહે તે માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું કૃષિ પ્રદર્શન કમ મેળાનું આયોજન કરવા માટે દર બે વર્ષે ગ્લોબલ એગ્રી સમિટ કમ એક્ઝીબીશન યોજવાનો સમાવેશ થયેલ છે. સદરહું યોજનાને ઉપર સંદર્ભ-(૧) ના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ચાલુ પ્લાન યોજના તરીકે તા. ૧/૪/૨૦૧૮ થી તા. ૩૧/૩/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ-(૨) ના પત્રથી આ યોજનાને સને ૨૦૧૮-૧૯ માં ચાલુ રાખવાની અને સંદર્ભ-(૩)ના પત્રથી સદરહું યોજનાની વહીવટી મંજૂરી આપવા ખેતી નિયામકશ્રીએ દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણા બાદ સને ૨૦૧૯-૨૦ ના વર્ષના અંદાજપત્રમાં **રૂ. ૦.૦૧ લાખની પ્રતિક જોગવાઇ** સાથે સદરહુ યોજનાને **તા.૧/૪/૨૦૧૯ થી તા. ૩૧/૩/૨૦૨૦** સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) સને ૨૦૧૯-૨૦ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
(૪) આ યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૧૧) જરૂરી ચીજોની ખરીદી **Government e Marketplace (GEM) પોર્ટલ** દ્વારા કરવા અંગેના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ તા.૦૧/૧૦/૨૦૧૮ તથા પરિપત્ર ક્ર: એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ તા.૦૫/૧૨/૨૦૧૮ ની જોગવાઈ/શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનું ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ જોગવાઈને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ➤ ૦૨(પ્લાન) |
| સેક્ટર | ➤ ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | ➤ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | ➤ ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | ➤ ૦૦૧-નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | ➤ ૦૬- કૃષિ વિકાસ માટે વહીવટ વિસ્તરણ અને પૂર્વ જરૂરી સવલતો |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ) ની તા. ૩૦/૩/૨૦૧૯ ની નોંધથી અને અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ) ની તા. ૩૦/૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.બી.કંથારીયા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લી., સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (E & RS Audit), પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦ ૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલશ્રી(A & E) ની કચેરી, રેસકોર્સ રોડ, રાજકોટ– ૩૬૦ ૦૦૧.
- સંબંધિત જીલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ(ખેતી નિયામકશ્રી દ્વારા)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર
- **આઈ.ટી શાખા**, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર...
  **વેબસાઈટ પર સદર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સાથે.**
- શાખા સિલેક્ટ ફાઇલ
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

